સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ભાજપી ભાંગફોડને, સત્તાનું ખેંચાણ શરૂ થશે !
લ્યો ! ફરી કૉંગી કાઉન્સીલરોનું વેંચાણ શરૂ થશે !
નિયાણના સ્તરે જઈ બેસસે આ રાષ્ટ્રીય પક્ષ -
મનપાની 'ગુજરી'માં ખરીદ-વેંચાણ શરૂ થશે...

હાઈકુ

'પટલાણી'નું
પાટનગરમાં જ
કપાયું નાક!

ખૂર્શી નો ખેલ -
જો, જો, કે'વું ન પડે!!
'મારો શું વાંક ?'

ચિંતન

અલ્પ - વિદ્યા મહાગર્વી

થોડી વિદ્યા માણસને મોટો ગુમાની બનાવે છે.

ખાલી ચણો વાગે ઘણો તથા અધૂરો ઘડો છલકાય એવી કહેવત સૌ જાણે છે. અલ્પ-નહીં જેવા જ્ઞાનવાળા માણસો; પોતે ખૂબ જાણકાર છે એવું માની લે, મદાંધ થઈ જાય છે. એ લોકો વિવેક ભૂલીને પોતે અસંભવ વાતો ને સંભવિત કરનારા તથા સર્વજ્ઞ છે એમ માને છે અને લોકોને મનાવે છે. આવા લોકો હંસની સભામાં જેમ બગલો હાસ્યાસ્પદ બને છે. તેમ વિદ્વાનો અને પંડિતોની સભામાં મૂર્ખ અને મશ્કરીને પાત્ર ઠરે છે.

અધૂરો ઘડો છલકાય ઘણો - હિંદીમાં પણ અધજલ ગગરી છલકત જાય ની કહેવત છે અધકચરું જ્ઞાન હોય છતાં 'હું બધું જાણું છું' નું અભિમાન માણસને હાસ્યાસ્પદ બનાવે છે. આ વિશ્વ જ્ઞાનનો સમુદ્ર છે અને આપણે એક નાનું છીપલું છીએ - 'હું કંઈ જ નથી જાણતો'નું જ્ઞાન હોવું એ જ સાચું જ્ઞાન છે.

સુવિચાર

- અલગ હી મજા હૈ ફકીરી કા અપના, ન પાને કી ચિંતા, ન ખોને કા ડર હૈ...! - **કબીર વચન**
- કાયમ યાદ રાખો... તમે શરીર, વિચાર કે મન નથી પરંતુ 'શુદ્ધ પ્રકાજ જ' છો - **સંત રોબિન**
- ત્યાગનું સામર્થ્ય જીવનમાં જયાં સુધી નહીં વિકસે ત્યાં સુધી વ્યક્તિ ગુલામ છે, સ્વામી નહીં - **અમૃતબિંદુ**
- કમાવું અને ઘર ચલાવવું એ બે વચ્ચે ફૂલ ચૂંટવું અને ફૂલનો ગજરો બનાવવા જેટલો ફરક છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઘણા દંપતીઓની દશા એક જ ખૂંટે બંધાયેલા ઢોર જેવી હોય છે... તેઓ જીંદગીભર શિંગડા ભેરવતા રહે છે.. પણ ખૂંટો તોડી શકતા નથી - **વજુ કોટક**
- આજનું ઔષધ : કાંદો, જીરૂ અને ખાંડ વાટીને ખાવાથી લૂ લાગવામાં તરત જ રાહત થાય છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

માનવજીવનમાં ગમે તે એક દુર્ગુણ, ખરાબ ટેવ, વ્યસન આવી જાય પછી એ માનવીને પતનની ગર્તામાં જ લઈ જાય છે પછી બીજા ભલે ને કેટલાક સદ્‌ગુણ કે જ્ઞાન-વાચન હોય પણ એ મદદરુપ થતાં નથી.

ભગવાન મહાવીરના કેટલાક શિષ્યો ધર્મ-ચર્ચા કરતા હતા એમાં વિવાદ થયો. વિષય હતો - આધ્યાત્મ જીવનમાંથી માણસનું પતન કયા કારણથી થાય છે? કોઈ કહે - મોહ, કોઈ કહે લોભ, કોઈએ ક્રોધનું કહ્યું. કોઈએ - અહંકાર - કોઈએ ઈર્ષા જ કારણભૂત છે એમ કહ્યું - બધા પોતાના કારણ માટે ચર્ચા દલીલ કરતા હતા પણ કોઈ ચોક્કસ એક કારણ પર આવી શક્યા નહીં, બધા ભગવાન મહાવીર પાસે ગયા.

મહાવીર ભગવાને કહ્યું - જૂઓ મારું આ કમંડળ પાણીમાં તરતું મૂકું તો ડૂબી જશે? બધાએ 'ના' પાડી પછી મહાવીર સ્વામી કહે, એમાં એક નાનું છિદ્ર કરું તો ? બધા એકી અવાજે બોલ્યા - તો તો ડૂબી જ જાય ને!

ભગવાન કહે, માનવજીવનનું પણ એવું જ છે એકાદ દુર્ગુણનું નાનું છિદ્ર પણ માણસને અધ્યાત્મ પંથેથી ડૂબાડી જ દે છે. અધઃપતન નિશ્ચિત રીતે થાય જ છે.

સરસ્વતીચંદ્રકારની ટપાલ ટિકિટ : એક સાંસ્કૃતિક ઘટના

આપણા લોકપ્રિય વાર્તાકાર ધૂમકેતુની એક વાર્તાનું શીર્ષક છે : 'વિનિપાત.' પ્રજા જયારે પોતાની કળા સંસ્કૃતિની કદર કરવાનું ભૂલે છે. ત્યારે એનો શતમુખ વિનિપાત સરજાય છે. વાર્તામાં ડભોઈની ઈતિહાસપ્રસિદ્ધ હીરાભાગોળ આસપાસ રઝળતી ખંડિત શિલ્પકૃતિઓ પોતાની સાથે સ્કોટલેન્ડ લઈ જવા માગતા ફાર્બસ સાહેબને એ મૂર્તિઓ આપવી કે કેમ એની મૂંઝવણ અનુભવતા ડભોઈના મહાજનની વાત આવે છે. સામેશ્વર પંડિત મહારજનને સલાહ આપે છે કે આ મૂર્તિઓ ફાર્બસ સાહેબને અપાય. અહીં તો એ રઝળતી જ રહેવાની છે. આપણે એ કળાની કદર કરવાનું વીસરી ગયા છીએ. જતાં જતાં સોમેશ્વર પંડિત જે શબ્દો ઉચ્ચારે છે તે કાળજે કોરી રાખવા જેવા છે : 'પડે છે ત્યારે સઘળું પડે છે.' પતનોન્મુખ પ્રાજ એની અસ્મિતા વીસરી જતી હોય છે. ગુજરાતી પ્રજા આમ તો વિશ્વના ખૂણે ખૂણે પથરાયેલી પ્રગતિશીલ પ્રજા તરીકેની ઓળખ ધરાવે છે. છતાં એ પણ હકીકત નકારી શકાય એમ નથી કે એ પોતાની ભવ્ય કાલજયી સાહિત્યિક કૃતિઓનું વિસ્મરણ કરી ચૂકી છે. 'સરસ્વતીચંદ્ર' નામની મહાનવલ લખાઈ ત્યારે આધુનિક દુનિયામાં માંડ ચાર મહાગાથાઓ રચાઈ હતી. ભારતીય ભાષાઓમાં તો રચાયેલી એ પહેલી મહાનવલ છે. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીએ સાહિત્યસેવાને સમર્પિત થવા માટે ૪૦ વર્ષની વયે ધીકતી વકીલાત છોડી દીધી હતી. મનુભાઈ પંચોળી 'દર્શક' કહે છે એમ ૧૮૫૭ના નિષ્ફળ સ્વાતંત્ર્ય સંગ્રામ પછી ભારતીય પ્રજામાં ફેલાયેલી નિરાશા અને હતાશામાં એને ખપતો હતો એક ભારતીય સંસ્કારોના અગ્રદૂત સરીખો મહાનાયક પ્રેમ, ત્યાગ, તિતિક્ષા અને સમર્પણના ઉચ્ચતર આદર્શોનું પ્રતિનિધિત્વ કરતો સરસ્વતીચંદ્ર નવલકથાના આરંભે ગૃહત્યાગ કરે છે અને સુવર્ણપુરનો અતિથિ બને છે. અનેક ઉલઝનો, વિટંબણાઓ અને સંઘર્ષોને અંતે સમુદ્ર કિનારેથી આરંભાયેલી કથા સુંદરગિરિ પર વિરામ પામે છે. ગોવર્ધનરામની કલ્યાણગ્રામની કલ્પના કેટલી કાલજયી છે તે આજકાલ 'ગ્રામ-ઉદય' થી 'ભારત-ઉદય' ના રાષ્ટ્રીય કાર્યક્રમ પરથી સમજી શકાશે. મહાત્મા ગાંધીની ગ્રામ સ્વરાજ અને રામ રાજયની સંકલ્પના પણ કદાચ ગોવર્ધનરામના કલ્યાણગ્રામથી પ્રેરિત હતી. આવા મહાન સર્જકને પણ એમની કાલજયી કૃતિને આપણે યુનિવર્સિટીનાં ભવનોમાં નજરકેદ કરીને આપણા ભવ્ય સંસ્કારવારસા પ્રત્યે કેવી અક્ષમ્ય ઉદાસીનતા સેવી છે! આટલાં વર્ષો પછી માંડ હવે 'સરસ્વતીચંદ્ર'નો હિંદી અનુવાદ ઉપલબ્ધ થઈ રહ્યો છે. એની કથાને તોડી-મરોડીને રચાયેલી ફિલ્મો કે મૂળ કથા સાથે ચેડાં કરીને બનાવાયેલી ટીવી શ્રેણી એ પ્રજા તરીકે આપણી બેકદરદાનીના નાદર નમૂના છે. પરંતુ આજે કેન્દ્રનું સૂચના પ્રૌદ્યોગિકી ખાતું આપણા એ મહાન સાક્ષરની ટપાલ ટિકિટ બહાર પાડે છે અને તેનું લોકાર્પણ ગુજરાતનાં મહિલા મુખ્યમંત્રીશ્રીના સાંનિધ્યમાં ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ ખાતે યોજાઈ રહ્યું છે. ત્યારે એક પ્રજા તરીકે આપણો અપરાધબોધ જરુર થોડો હળવો થશે. ગોવર્ધનરામ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રથમ પ્રમુખ પણ હતા. ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર' રચીને જે ઊંચુ નિશાન તાક્યું છે તે આપણી સાહિત્યસૃષ્ટિનું ગરવું ગુરુશિખર છે. 'સરસ્વતીચંદ્ર'ના પ્રાગટ્યનાં આટલાં વર્ષો પછી રાષ્ટ્રીય સ્તરે એના સર્જકને એક વિશિષ્ટ સ્વીકૃતિ સાંપડે છે એનો હરખ કરીએ. પરંતુ સાથે એ મુદ્દે પણ જાગૃત રહેવાની જરૂર છે કે આપણે આપણી પોતાની ભાષા-સંસ્કૃતિની અવહેલના કરીને તો આપણી ઓળખ જ ભૂંસી રહ્યા છીએ. આજે વિશ્વની તમામ જાણીતા કૃતિઓ ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ કરાવવાની હોડ જામી છે પરંતુ આપણી ઉત્તમ સાહિત્યિક કૃતિઓ અન્ય ભારતીય ભાષાઓ સહિત વિશ્વની તમામ ભાષાઓમાં ઊતરવી જોઈએ એવો વિચાર તો નથી પ્રકાશન સંસ્થાઓને આવતો કે નથી એ મુદ્દે આપણી સરકાર સક્રિય!

તંત્રીસ્થાનેથી...

ગમતું કરીએ ને ગમતાને કરીએ પ્રેમ

સાંઈ મકરંદા - ઋષિકવિ, મહામનીષી મકરંદ દવેએ સરસ ગીતપંક્તિ આપી છે કે "ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીએ ને ગમતાનો કરીએ ગુલાલ..." કવિએ ગમતું કરવા અને ગમતાનો ગુલાલ કરવાની વાત કરી છે. પ્રેમ એટલે શું? હિન્દી સિનેમાના ગીતની માફક, વેરી સિમ્પલ: "રંગ દે તું મોહે ગેરુઆ..."

ગમતી વ્યક્તિને આપણે આપણા રંગમાં રંગી નાખીએ. આપણે એવા પ્રયાસો કરીએ પણ તેમાં સામી વ્યક્તિને આપણો રંગ ન ચઢે એવું પણ બને. તમે કોઈને રંગી નાખવા માગતા હોવ, પરંતુ સામી વ્યક્તિ તમારા રંગમાં રંગાઈ જવા માગતી ન હોય એવું પણ બની શકે છે. પ્રેમમાં આગ્રહ પણ ન હોય અને કોઈ દબાણ પણ ન હોય. મુક્ત રીતે વિહરવાની પરસ્પર સ્વતંત્રતા જ હોય. તમે કોઈને કહો કે "રંગ દે તું મોહે ગેરુઆ..." પરંતુ સામી વ્યક્તિ તમને રંગવા માટે રાજી જ ન હોય તો?

પ્રેમ એટલે ગમતું કરીએ અને ગમતાને કરીએ પ્રેમ. તમને કોઈ વ્યક્તિ ગમે છે અને તમે એ વ્યક્તિને ચાહવા લાગો એવું બને પણ ખરું. પરંતુ સામી વ્યક્તિ તમને ચાહતી જ ન હોય એવું પણ બની શકે. એવું પણ બને કે તમને ખબર ન હોય અને કોઈ અન્ય વ્યક્તિ તમને ચાહતી પણ હોય. સવાલ માત્ર ચાહવાનો અને ગમતી વ્યક્તિને ચાહવાનો છે. ગમતી વ્યક્તિને ચાહો અથવા જે વ્યક્તિ ચાહે છે એને ગમતી વ્યક્તિ બનાવી લો. પ્રેમની કુંજ ગલીમાં કંટકોનો પથરાવ તો રહેવાનો છે.

સંત કબીરે એક દોહામાં કહ્યું છે: "સબ સે ઊંચી પ્રેમસગાઈ..." દુનિયામાં બધા સંબંધમાં પ્રેમનો સંબંધ - સગાઈનું મૂલ્ય, મહત્વ સૌથી ઊંચું અને નિરાળું છે. કબીરજીના જીવનનો એક સરસ મજાનો પ્રસંગ છે. સૂરજ માથે ચઢી ગયો હતો. મધ્યાહન્ એટલે કે બપોરના બાર વાગ્યાનો સમય હશે. કબીરજી કુટિરની બહાર કશુંક વણાટકામ કરી રહ્યા હતા. એવામાં એક યુવાન કબીરજીની કુટિરમાં આવ્યો. વિનમ્રતા સાથે પ્રણામ કર્યા. કબીરજીએ એને બેસવા માટે આસન આપ્યું અને આગમનનું કારણ પુછ્યું.

ગુલમોર
દિનેશ દેસાઈ

યુવાને સવાલ કરતા કહ્યું કે "વિવાહ (અથવા પ્રેમ) કરવો જોઈએ કે નહીં?"

સવાલ સાંભળીને થોડી વાર તો કબીરજી વિચારમાં પડી ગયા.

થોડી વાર પછી તેઓએ આગંતુક યુવાન સામે જોયું અને પત્નીને બોલાવીને કહ્યું કે "જરા ફાનસ સળગાવીને લાવી આપો ને..."

થોડી વારમાં કબીરજીનાં પત્ની સળગાવેલું ફાનસ લઈને આવ્યાં અને કબીરજી પાસે મૂક્યું.

આ તરફ યુવાનની ધીરજની કસોટી થઈ રહી હતી. તેની ધીરજ ખુટી રહી હતી. હવે તેનાથી રહેવાયું નહીં અને તેણે કબીરજીને સવાલ કર્યો કે "કબીરજી, મારો સવાલ તો બાજુ ઉપર રહી ગયો અને તમે આ શું કરી રહ્યા છો? મારી સમજમાં તો કશું જ આવતું નથી. તમે તો ભારે અજાયબ માણસ છો. ધોળે દહાડે અને ભર બપોરે તડકામાં તો ફાનસ કોઈ સળગાવીને મૂકતું હશે? તમે તો ઠીક, તમારાં પત્ની પણ કોઈક વિરલ અજાયબી સમાન જ લાગે છે. કેમ કે કહેતા ભી દીવાના ઔર સુનતા ભી દીવાના? તમે ભલે બપોરના સુમારે ફાનસ સળગાવી લાવવા કહ્યું, પરંતુ તમારાં પત્નીને તો ખબર પડવી જોઈએ ને કે અત્યારે ભરબપોરે ફાનસ ન સળગાવવાનું હોય. તેઓએ પણ તમને કોઈ સલાહ-પરામર્શ ન કર્યો કે કોઈ દલીલબાજી પણ ન કરી? મારા માટે તો તમે બેઉ આશ્ચર્ય સમાન છો."

કબીરજીએ સ્મિત સાથે જવાબ આપતા કહ્યું કે "બસ, આ જ તો તમારા સવાલનો

અનુસંધાન પાના નં. ૭ પર

ગમતી વ્યક્તિને આપણે આપણા રંગમાં રંગી નાખીએ, આપણે એવા પ્રયાસો કરીએ પણ તેમાં સામી વ્યક્તિને આપણો રંગ ન ચઢે એવું પણ બને, તમે કોઈને રંગી નાખવા માગતા હોવ, પરંતુ સામી વ્યક્તિ તમારા રંગમાં રંગાઈ જવા માગતી ન હોય એવું પણ બની શકે છે, પ્રેમમાં આગ્રહ પણ ન હોય અને કોઈ દબાણ પણ ન હોય

બેટા, આ વૃક્ષ ફક્ત આપણા માટે જ નથી, આપણા સમગ્ર કુટુંબ માટે છે, આવનારી પેઢી માટે છે, આડોશી પાડોશી અને રસ્તે જતા વટેમાર્ગુ સહિત આખા સમાજ માટે છે, એક વૃક્ષ કોઈ ચોક્કસ વ્યક્તિને જ છાંયો કે ફળ આપે એવું હોતું નથી...

આજ મૌલિકભાઈ ફરી દુઃખી થયા. તેમણે અખભાર ભેગું કરીને એક તરફ મૂકી દીધઉં. અને ચ્હાનો કપ લઈને બહાર આવી ગયા. ઉનાળાના સમયમાં દિવસ વહેલો ઊગી જાય છે. તેમણે ઘડિયાળમાં જોયું ફક્ત સાત વાગ્યા હતા. પરંતુ એમ લાગતું હતું જાણે દશ વાગી ગયા હોય. તેમણે બહાર ઉગેલ શેતૂરના ઝાડને જોયું અને પ્લાસ્ટિકની ખુરશી ખેંચી લઈ ઝાડની નીચે બેસી ગયા. બેસતાં જ તેમને એક અજબ પ્રકારની અનુભૂતિ થઈ. ખરેખર આ કેવું ઝાડ છે. આટલી ગરમીમાં પણ ઘટાદાર, મોટાં મોટાં પાન અને શેતૂરથી લદાયેલું છે. મૌલિકભાઈ વિચારતા હતા. કેવી શીતળતા છે. આ ઝાડ નીચે... એકદમ ઠંડક અને છાયાની સુખદ અનુભૂતિ. જયારે તેમના પિતાએ આ વૃક્ષ વાવ્યું ત્યારે સૌથી વધુ વિરોધ તેમને જ કરેલો.

'શું બાપુજી તમે પણ... આ ઝાડ ને અહીં વચ્ચોવચ્ચ શું કામ વાવો છો?' મૌલિક તેના પિતાને પુછ્યું. બાપુજીએ ત્યારે મૌલિકની સામે જોયેલું અને હસ્યા હતા.

'બાપુજી, તમે જ કહો, આપણે આને એકબાજુ ખૂણામાં પણ વાળી શકીએ કે નહીં?' મૌલિકે ફરી પ્રશ્ન કર્યો.

'બેટા, આ ઝાડ એ માટે હું વચ્ચોવચ્ચ વાવી રહ્યો છું જેથી તેની ચારેબાજુ બેસી આપણે બધાં ઠંડક અને છાંયાની મજા માણી શકીએ.'

'પણ... બાપુજી' મૌલિક ફરી પુછવા માંગતો હતો.

'બેટા, આ વૃક્ષ ફક્ત આપણા માટે જ નથી. આપણા સમગ્ર કુટુંબ માટે છે. આવનારી પેઢી માટે છે. આડોશી પાડોશી અને રસ્તે જતા વટેમાર્ગુ સહિત આખા સમાજ માટે છે. એક વૃક્ષ કોઈ ચોક્કસ વ્યક્તિને જ છાંયો કે ફળ આપે એવું હોતું નથી. આપણે આપણું કુટુંબ અને આસપાસ રહેતાં સૌને તે પ્રાણવાયુ આપશે.'

'પરંતુ બાપુજી, આ બાજુવાળો કાર્તિક મને કયારેય કોઈ વસ્તુ નથી આપતો. રોજ મારી સાથે ઝઘડા કરે છે. હું એ તરફ હવાને જવા જ નહીં દઉં.' મૌલિકે કહ્યું.

બાપુજી મૌલિકની માસૂમિયત પર હસી પડેલા. તેમણે પોતાના દશ વર્ષના દીકરા તરફ જોયું. ફરી હસ્યા. પવન અને પ્રકાશને ન તો રોકી શકાય છે કે ન તો આપણી ઈચ્છા મુજબ વહેંચી શકાય છે.' બાપુજી એ મૌલિક ના વાંસે હળવી ટપલી મારી અને છોડ વાવી દીધો.

ધીરે ધીરે છોડ વધીને વૃક્ષ થઈ ગયો. મોટું અને છાંયાવાળું વૃક્ષ. તેની ડાળીઓ ફેલાવા લાગી. મૌલિકનો નાનો ભાઈ અને એક નાની બહેન હતી. ધીરે ધીરે ત્રણે ભાઈ બહેન મોટાં થવા લાગ્યા. ત્રણેનો મોટા ભાગનો સમય શેતુરના આ ઝાડ નીચે જ પસાર થયો. તેની નીચે ભણવા બેસવું, તેની છાયામાં શેતરંજી પાથરીને રમવું... અને ત્યાં જ સૂઈ જવું. ધીરે ધીરે શેતુરના ઝાડને ફળ આવવા શરૂ થઈ ગયા. મીઠા મીઠા શેતૂર. ત્રણે ભાઈ બહેન રાહ જોતાં કયારે ઝાડ પર શેતૂર લાગે, અને તે પાકીને ખરી પડવા લાગે. ત્યારે તેમની વચ્ચે હોડ લાગતી કોણ સૌથી પહેલાં તેને ભેગાં કરે છે. ધીરે ધીરે ત્રણે ભાઈ બહેન મોટાં થઈ ગયા. મૌલિકનો અભ્યાસ પુરો થતાં તેને એજ શહેરની શાળામાં શિક્ષકની નોકરી મળી ગઈ.

સમય પાંખો લગાવી ઉડવા લાગ્યો. મૌલિકના નાના ભાઈએ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો. અને નોકરી માટે વિદેશ જતો રહ્યો. મૌલિકભાઈને યાદ છે જયારે તેમની બહેન ગ્રીષ્માના લગ્ન થયાં ત્યારે આ ઝાડ નીચે કેટલા મહેમાનો આવીને બેઠેલા. તે બધા ચ્હા પાણી પીતા, ગપ્પા મારતા સૌ ઝાડના વખાણ કરતા હતા. તે સાથે બાપુજીની પ્રશંસા કરતા કે કેવું સરસ ઝાડ બાપુજીએ પસંદ કર્યું છે. મૌલિકના મોટા કાકા અને ફૂવા અહીં જ બેસીને પત્તા રમતા. બાજુમાં એક નાનકડો રેડિયો રાખતા. જેના મધુર સંગીત સાથે વાતાવરણમાં શીતળતા ભળતાં ઉમંગ અને જીવંતતાનો અહેસાસ થતો.

ગ્રીષ્માનાં લગ્ન થઈ ગયા. તે સાસરે જતી રહી. એક નાનો ભાઈ હંમેશ માટે અમેરીકામાં વસી ગયો. હવે રહ્યા મૌલિકભાઈ તેમના માતાપિતા અને તેમનાં બે છોકરીઓ. મોટા દીકરો રવિન્દ્ર તેમની સાથે જ રહેવા લાગ્યો. તેને આ શહેરમાં જ એક મલ્ટીનેશનલમાં નોકરી મળી ગઈ અને નાનો... તે મુંબઈમાં નોકરી કરવા લાગ્યો.

મૌલિકભાઈએ રવિન્દ્રનાં લગ્ન ખુબ ધામધૂમથી કર્યા. રવિન્દ્રના લગ્ન પછી તેમણે પોતાનો ઓરડો સંપૂર્ણ રીતે તેને આપી દીધો, અને પોતે સ્ટોર રુમને સાફ કરી તેમાં રહેલા તેમના રૂમમાં જ રહેવા દીધા. સમયની સાથે સાથે મૌલિકભાઈ એ પહેલાં પોતાની માતા અને પછી પિતાને સ્વર્ગે સિધાવતા જોયા. તેમાં એક દિવસ પત્ની અચાનક સાથ છોડી આ દુનિયાની વિદાય લઈ ગઈ. હવે રહ્યા મૌલિકભાઈ તેમનો પુત્ર રવિન્દ્ર, પુત્રવધૂ અને પૌત્ર અને એક પૌત્રી.

નવાં કલેવર
નટવર હેડાઉ

મૌલિકભાઈ પણ શાળાની નોકરીમાંથી નિવૃત્ત થઈ ગયેલા. મૌલિકભાઈએ નાના દીકરાનાં પણ લગ્ન કરી દીધા. તેમને લાગ્યું કે હવે તેમની બધી જવાબદારીઓ પુરી થઈ ગઈ. હવે તેઓ સુખેથી રહેશે. જીવનસંગીની નથી. પણ જેવી વિધાતાની ઈચ્છા... પણ આ શેતુરનું ઝાડ હજુ છે. મૌલિકભાઈ બધી ઋતુઓમાં ઝાડની નીચે બેસે છે. શિયાળામાં જયારે શેતુર લાગવાનાં બંધ થઈ જાય છે ત્યારે અને ઉનાળામાં જયારે પર્ણોની ઘટ્ટ થઈ જાય છે અને છાયાં આવે છે ત્યારે પણ... મૌલિકભાઈનો મોટાભાગનો સમય બહાર ઝાડ નીચે જ પસાર થાય છે. તેમનો પૌત્ર સની મોટો હતો અને પૌત્રો રમેશભાઈ કરતાં નાની.

ધીરે ધીરે કંઈક અલગ પ્રકારનું વાતાવરણ ઘરમાં થવા લાગ્યું. પપ્પા... હવે આ ઝાડને કપાવવું પડશે. એક દિવસ સવારના પહોરમાં રવિન્દ્રએ મૌલિકભાઈને કહ્યું.

મૌલિકભાઈ સવારે મોર્નિંગ વૉકથી પાછા આવી હાથમાં અખબાર લઈ ઝાડ નીચે ખુરશી મુકી બેસી ગયા.

આપણે આ ઝાડને નહીં કાપીએ... બેટા આને તારા દાદાજીએ પોતાને હાથે વાવ્યું છે. મૌલિકભાઈએ સ્પષ્ટના પાડી દીધી.

'પણ પપ્પા મેં તો બિલ્ડર સાથે વાત પણ કરી લીધી છે... એ અહીં ત્રણ માળના ફલૅટ બનાવી આપશે. એકમાં અને રહીશું એકમાં તમે એક નાના ભાઈ માટે, તે રહેવા નહીં આવે ત્યાં સુધી ભાડે આપી દઈશું.' રવિન્દ્રએ કહ્યું.

'પપ્પા આ ઝાડ હવે જૂનું થઈ ગયું છે અને આ મકાન રિનોવેશન માંગી રહ્યું છે.'

આપણે બધા આમાં એડજેસ્ટ થઈ જઈએ છીએ. મારું પેન્શન આવે છે. તારું કામ પણ બરાબર ચાલે છે.' મૌલિકભાઈએ રવિન્દ્રને સમજાવવાની કોશિશ કરી.

'પપ્પા, તમારી વાત સાચી પણ હવે સ્નેહા મોટી થઈ રહી છે અને બબલું પણ. તેમને પણ અલગ અલગ રૂમ જોઈએ.' રવિન્દ્રએ કહ્યું,

અનુસંધાન પાના નં. ૭ પર

મુજ કો ભી તો લિફ્ટ કરા દે...!! વેટ લૉસ ઑફ અદનાન સામી એન્ડ અનંત અંબાણી...!!

ક્રિકેટ કાર્નિવલ આઈપીએલનો ઉદ્‌ઘાટન સમારોહ નવમી એપ્રિલે હતો, ભવ્ય સમારંભમાં ઘણી બધી સેલિબ્રેટી વચ્ચે એક જણ સૌનું ધ્યાન ખેંચી ગયો, એ એનાં ડ્રેસિંગ, સિંગિંગ કે અન્ય કોઈ કારણથી નહીં પણ એના ઘટાડેલા વજનને કારણે... યસ, બે સોફા ભેગા કરો ત્યારે માંડ સમાતો એ ભારતના ધનાઢ્ય ઉદ્યોગપતિનો મહાકાય પુત્ર અનંત અંબાણી!

મુંબઈ ઈન્ડિયન ટીમના માલિક નીતા અંબાણીનું એ છેલ્લું સંતાન, દર વર્ષે એની ટીમને ચિયર અપ કરવાં હાજર રહેતો અનંત, અંબાણી એમ્પાયર જેવો જ મહાકાય હતો અને માત્ર ૧૮ મહિનામાં એણે ૧૦૮ કિલો વજન ઉતારી દીધું... નવમી એપ્રિલે જ એનો ૨૧ મો જન્મ દિવસ હતો, અઢાર મહિના પહેલા કરેલો દૃઢ નિશ્ચય એણે સાર્થક કરી સલમાન અને ધોનીને શુભેચ્છા સાથે સેલ્ફી ખેંચાવી સોશિયલ મિડીયા પર અપલોડ કરી...

બે વર્ષ પહેલાં જયારે વજન કાંટા પર આ અનંત ઊભો રહેતો તો કાંટોય બરાડતો બબ્બે જણા સાથે વજન કા કરાવો, ૧૮ મહિનામાં ૧૦૮ કિલો વજન ઉતારી દેવું એટલે એ કંઈ બલૂનમાંથી હવા કાઢી નાંખવા જેવું સહેલું કામ તો નહોતું જ, દવા અને સર્જરી વગર માત્ર મહેનત, મહેનત અને મહેનતથી જ એણે વજન ઉતારી આજની યંગ જનરેશનને ગ્રેટ એકઝામપલ આપ્યું છે.

ધીરુભાઈ અંબાણી પરિવારના ડીએનએમાં જ ચેલેન્જ સ્વીકારવાની અને સકસેસ મેળવવાની પારાવાર ધગશ રહેલી છે. થોડા વર્ષો પહેલાંનો એક કિસ્સો યાદ આવે છે...

રણને વટાવી જા, તો સમુંદર ઈનામમાં,
પર્વત પર ચડી જા, તો શિખર ઈનામમાં.
સ્વીકારી બતાવે છે જે પડકારોને પલમાં,
એને જ પ્રશંસાનો, તો પુરસ્કાર ઈનામમાં!

રિલાયન્સની એજીએમ વખતે અનિલ અંબાણીને એક શેર હોલ્ડરે પ્રશ્ન પુછેલો જે વખતે અનિલ અંબાણી પણ ઓવર વેઈટ જ હતા, 'અનિલભાઈ તમે તમારું વજન કયારે ઘટાડશો?' ત્યારે અકળાઈ ઉઠેલા અનિલ અંબાણીએ જવાબ આપ્યો, 'મારું શરીર, વજન, આરોગ્ય મારો અંગત મામલો છે, એમાં માથું ના મારો તો સારું.'

ત્યારે એ શેર હોલ્ડરે પ્રત્યુત્તર આપેલો, 'ભલે તમારું, શરીર-આરોગ્ય તમારો અંગત મામલો હોય, પણ મેં તમારી કંપનીમાં ભારે રોકાણ કર્યું છે, ત્યારે તમારું આરોગ્ય એ ખાનગી નહીં પણ મારા માટે પણ એટલું જ મહત્ત્વનું છે.' આવો સણસણતો જવાબ સાંભળ્યા પછી અનિલ અંબાણીએ મનમાં ગાંઠ વાળી કે વજન તો ઉતારીને જ રહીશ, અને એ એમણે એક જ વર્ષમાં કરીને બીજી વર્ષની એજીએમ વખતે એ શૅર હોલ્ડરને બતાવી પણ દીધું!!

નીતા અંબાણીએ પણ એનું શરીર ઉતારી, ફરી પોતે અત્યંત કાર્યશીલ છે એવું સાબિત કર્યું જ છે. અનંત અંબાણીની માર્ગદર્શક પણ એની મા નીતા અંબાણી જ રહી છે. જામનગર રિફાઈનરીમાં રહીને અમેરિકન ટ્રેઈનરની દેખરેખમાં અનંતે ૧૭૮ની મહાકાયાને ૧૮ મહિનાના સમયગાળામાં ૭૦ કિલો પર લાવી દેતાં એનો વજન કાંટો ગર્વ અનુભવી રહ્યો છે!

'ઐસો વૈસો કો દીયા હૈ, કૈસે કૈસો કો દીયા હૈ, મુજકો ભી તો લિફ્ટ કરા દે...' યાદ આવે છે, ૨૦૬ કિલોની મહાકાયા ધરાવતો ભારતનો ફાસ્ટેસ્ટ પિયાનો પ્લેયર અદનાન સમી, આ ગીતને કારણે રાતોરાત લોકપ્રિય સિંગર બનેલા અદનાનને ચાલવા, ઉંઘવા, ટ્રાવેલ, કપડાં બધામાં અત્યંત તકલીફ પડતી હતી... એણે પણ નક્કી કર્યું એટલીસ્ટ છ હમિના 'નો વર્ક ઓન્લી વેટ લોસ' અને ન્યૂટ્રિશિયનની મદદથી લાગી પડ્યો...

અદનાન સામી ૨૦૬ કિલો પરથી ૭૦ કિલો પર, સર્જરી અને મેડીસીન વગર આવ્યો. 'કભી તો નજર મિલાઓ' આલ્બમથી છવાઈ જનારા અદનાને વજન ઘટાડીને શ્રેષ્ઠ દાખલો બેસાડ્યો અને ફિલ્મમાં હીરોનો રોલ પણ મેળવ્યો... વજનને કારણે બંધ પડેલી લિફ્ટને એણે 'મુજ કો ભી તો લિફ્ટ કરા દે' સાથે ફરી દોડતી કરી દીધી...

રાજસ્થાન રોયલ્સ વાળી શિલ્પા શેટ્ટીએ પણ યોગ-પ્રાણાયામથી પોતાને ફિટ કરી લીધી... મોટું શરીર ધરાવતી સોનાક્ષી સિન્હાને જોઈ ઓહ માય ગોડ બોલી જવાય, એ પણ હવે ફિટ થઈને નવી ફિલ્મમાં ચમકી રહી છે... 'નીરજા' બનવા સોનમ કપૂરે પણ ખાવા-પીવામાં સંયમ રાખી, મહેનત કરી શરીર અને અભિનય બંનેથી એ રિયલ સ્ટોરીને લાગણી પ્રધાન બનાવી દીધી...

Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

આ બધાં ઉદાહરણ આપી એટલું જ કહેવાનું કે નજર સમક્ષ ધ્યેય હોય, પરિશ્રમ હોય તો કશું અશક્ય નથી. જે વાત ટેબ્લેટ અને ઑપરેશનથી થવાની નહોતી એને અનંત અંબાણી અને અદનાન સામીએ માત્ર મહેનત, નિયમિત મહેનત, વજન કમ કરવાની નૅમ સાથે કરેલી મહેનતથી સાર્થક કર્યું છે...

આપણે ખાલી અનંતનું રિડ્યુસ થયેલું બોડી જોઈને હરખાઈએ છીએ, જરા એની મહેનત પણ જઈ લઈએ. આખા દિવસમાં ૨૧ કિ.મી. ચાલવું, છ કલાક એક્સરસાઈઝ, યોગ, કાર્ડિયો અને ઘણુંબધું... ખાવામાં ફિક્સ ડાયેટ, સુગર કમ્પલીટ બંધ... એની શ્રીમંતાઈનો વિચાર કરીએ તો અનેક સુવિધાઓ મળી હશે એની ના નહીં, પણ એનો ઉપયોગ તો એણે જ કરવાનો હતો, કોઈ પણ પ્રકારનો કંટાળો કર્યા વગર...

બાકી આપણે બધાં તો તલવરકર જીમની ફી ભર્યા બાદ પણ આઠ દિવસમાં શરીર દુઃખે છે કરીને પડતું મુકીએ છીએ, ચાલવાનું - દોડવાનું